# એચ.ટી વીજ બીલ અંગેની સાદી સમજણ.

**Q- 1. એચ.ટી વીજ બિલ કઈ તારીખ બને છે ?**

**Response:**

**૧.એચ.ટી. વીજ બિલ બનવાની તારીખ  અંગેની સાદી સમજણ નીચે મુજબ છે.**

| Particular | Billing Month | Billing Date | Unit Consumption Period | Meter Reading Schedule | Billing Month |
|---|---|---|---|---|---|
| Power Purchase from PGVCL | Sep.22 | Every month 16th to 18th | 16-Aug-2022 to 15-Sep-2022 | 16-Sep-2022 | Sep-22 Billed in Oct-22 |
| Power purchase from Oher source. | Sep.22 | Every month 1th to 3th | 01-Sep-2022 to 30-Sep-2022 | 01-Oct-2022 | Sep-22 Billed in Oct-22 |

- જે ગ્રાહકો અન્ય સોર્સ માંથી પાવર પરચેજ કરે છે તે ઓપન એક્સેસ થ્રુ / એલ.એમ.યુ / એસ.એલ.ડી.સી માંથી રીડીંગ માહિતી મંથલી પ્રાપ્ય છે તેમજ મીટરમાં ૧૫ મીનીટ રીડીંગ ઉપલબ્ધ છે તે ગ્રાહકોનું બિલીંગ સાયકલ દર માસની 1 થી 3 છે.
- ઉપરોક્ત મુજબ દરેક એચ.ટી. વીજ ગ્રાહકનું **GERC SUPPLY CODE CLAUSE 6.17** મુજબ મંથલી ± 3 દિવસ  મીટર રીડીંગ કરવામાં આવે છે.

**Q-૨. મેં આજે ઓનલાઈન એચ.ટી વીજ બીલ પેમેન્ટ કરેલ છે પણ હજુ  પી.જી.વી.સી.એલ. તરફથી કન્ફર્મેશન મળેલ નથી.**

**Response:**

સામાન્ય રીતે ઓનલાઈન કરવામાં આવેલ વીજ બીલ પેમેન્ટ તેની પેમેન્ટ તારીખથી કામકાજના 3 દિવસો સુધીમાં બિલીંગ સીસ્ટમમાં સબંધિત ગ્રાહકના ખાતામાં જમા કરવામાં આવે છે.

આથી આપને વીજ બીલ પેમેન્ટ કર્યાની તારીખથી કામકાજના 3 દિવસો બાદ પણ આપને પી.જી.વી.સી.એલ.તરફથી વીજ બીલ પેમેન્ટ મળ્યા અંગેનો એસ.એમ.એસ. ન મળે તો આપની પી.જી.વી.સી.એલ.  વિભાગીય કચેરીનો સંપર્ક કરવા વિનંતી.

તેમજ ગ્રાહક બે થી ત્રણ દિવસ પછી પીજીવીસીએલ વેબસાઈટ http//:pgvcl.com માં જઈને ક્વિક પેમેંન્ટ ઓપ્શન સિલેક્ટ કરવો. ગ્રાહક નંબર એન્ટર કરવો જેથી બીલ ની રકમ છેલ્લી બીલ ભરપાઈ વિગત લાસ્ટ પેમેન્ટ ના જોઈ શકાય છે.

- https://www.pgvcl.com ઓપન કરવી.
- Online Payment  સીલેક્ટ કરવું.

- **Quick Electricity Bill Payment** ઓપ્શન સિલેક્ટ કરવો.
- **Enter Consumer No.** ગ્રા નં. લખવો.
- Enter image as shown. ઈમેલ લખવી.
- check consumer No ઉપર ક્લિક કરવાથી નીચે મુજબના માહિતી જોઈ શકાય છે.
    1. પ્રથમ લાઈનમાં ગ્રાહકનું નામ જોવા મળશે.
    2. બીજી લાઈનમાં ગ્રાહક નંબર જોવા મળશે.
    3. ત્રીજી લાઈનમાં છેલ્લે બીલ ભરપાઈ કરેલ છે તેની માહિતી જોઈ શકાય છે.
    4. ચોથી લાઈનમાં ચાલુ માસનું બીલ જોઈ શકાય છે.




| | |
|---|---|
| Consumer Name | XYZ |
| CONSUMER NO.* | XXXXX |
| Last Paid Detail | Rs. 11111111 paid on 2022-09-12 through BANK |
| Bill Amount | 22222222222 |
| Bill Date | 2022-10-01 |
| Amount to Pay* | 22222222222 |

## Q-3. મારાથી ભૂલથી વીજ બિલ કરતા વધારે રકમનું પેમેન્ટ થઈ ગયેલ છે, રીફંડ માટે શું કરવું ?

**Response:**

વીજ બીલ કરતા વધુ રકમનું પેમેન્ટ થઇ ગયેલ હોય તેવા કિસ્સામાં રીફંડ માટેના વિનંતી પત્ર કે જેમાં સદર બાબતની તમામ માહિતી જેવી કે રકમ, તારીખ, ટ્રાન્ઝેક્શન આઈ.ડી. વગેરે સમાવિષ્ટ કરીને, રસીદની નકલ, બેંક / વોલેટ સ્ટેટમેન્ટની નકલ જેવા આનુસંગિક દસ્તાવેજો જોડીને પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરીનો સંપર્ક કરવા વિનંતી.

## Q-4 એચ.ટી વીજ બિલ ઓનલાઈન ભરી દીધેલ હોવા છતાં ડીસ કનેકશન નોટીસ મોકલવામાં આવે છે નોટીસ ન મોકલે તે માટે શું કરવું ?

**Response:**

આપના દ્વારા બીલ ઓનલાઈન ભરી દીધેલ હોય તે બીલિંગ સિસ્ટમમાં અપડેટ બેંક વર્કિંગ દિવસ મુજબ ઓછામાં ઓછા ૩ દિવસ અને વધુમાં વધુ ૭ દિવસ અપડેટ થાય છે. જેથી નોટીસ ઇસ્યુ કરનાર વિભાગીય કચેરીને જાણ હોતી નથી કે ગ્રાહક દ્વારા પેમેન્ટ કરેલ છે કે નથી અને સિસ્ટમાં બીલ બાકી તરીકે બતાવે છે. જેથી વિભાગીય કચેરી દ્વારા ડીસ કનેકશન નોટીસ મોકલવામાં આવતી હોય છે.

- બીલ ઓનલાઈન ભરી દીધેલ છે છતાં ડીસ કનેકશન નોટીસ મળે તો ગ્રાહકે આ નોટીસ રદ ગણવી.
- નોટીસ ન મોકલે તે માટે લાગુ પડતી વિભાગીય કચેરીને ઓનલાઈન બીલ ભરપાઈ કરી દીચેલ છે તેની મેઈલ મારફતે જાણ કરવી જોઈએ.

**Q-૫ દર વખતે બીલમાં ટીડીએસ રકમ બાદ કરીને ભરપાઈ કરવાથી ટીડીએસ રકમ જેટલી રકમ મારા વીજ બીલમાં આગલી રકમ બાકી શા માટે આવે છે ?**

**Response:**

ટીડીએસ જે ગ્રાહકોને લાગુ પડે છે તે ગ્રાહક દ્વારા દર માસે બીલની નેટ બીલ રકમ માંથી ૦.૧૦% ટીડીએસ રકમ બાદ કરીને બાકી રકમ ભરે છે. જેથી જે બાદ કરેલ રકમ બીલ સામે માંડવાળ થઇ શકતી નથી તેથી બીજા માસના ટીડીએસ તરીકે ઓટો સિસ્ટમથી જમા (ચાલુ માસનું બીલ+એડજસ્ટમેંટ + ડીપીસી= XXX * ૦.૧૦% ) આપવમાં આવે છે.

બીલ બાકી સામે ટીડીએસ પેટે રકમ જમાં આપવામાં આવે છે આમ, બીલ બાકી રહેવાનો પ્રશ્ન રહેતો નથી.

**Q-૬ એચ. ટી. બીલનો મેસેજ અને એચ. ટી. બીલ ઈમેઈલ મારફતે શા માટે મળતા નથી ?**

ગ્રાહકના મોબાઈલમાં બીલ નો મેસેજ અને બીલ ઈ-મેઈલ મારફતે ના મળવાના નીચે મુજબના કારણો હોય શકે છે.

- ગ્રાહકનો મોબાઈલ નંબર રજીસ્ટર ન હોવાથી મેસેજ મળતો નથી.
- મોબાઈલ નંબરમાં ભૂલ હોય.
- ઈ મેઈલ એડ્રેસ માં ભૂલ હોય તો બીલ ઈમેઈલ મારફતે મળતું નથી.
- ગ્રાહકોનો ઈ-મેઈલ યુઝર ઓવર કવોટામાં જતો હોય.
- પીજીવીસીએલ નું જે ઈમેઈલ એડ્રેસ થી મેઈલ આવે છે તે ઇ મેઈલ એડ્રેસ ગ્રાહક દ્વારા બ્લોક કરેલ હોય.
- કનેકટીવી ઇસ્યુ હોય.

ઉક્ત બાબતોનું સોલ્યુશન કરવા માટે ગ્રાહકે પોતાનો મોબાઈલ નંબર અને ઈ મેઈલ એડ્રેસ વિભાગીય કચેરીએ રજીસ્ટર કરવો જોઈએ.મોબાઈલ અને ઈમેઈલ એડ્રેસ વિભાગીય કચેરીનો સપર્ક કરીને વેરીફાઈ કરી લેવો જોઈએ. તેમજ ટેલીફોનીક વિભાગીય કચેરીનો સંપર્ક કરવાથી બીલ ઈમેઈલ મારફતે કે મેસેજ વિભાગીય કચેરી દ્વારા ચાલુ માસના બીલ મોકલી આપવમાં આવેલ છે.

## Q-૭ એચ.ટી. ગ્રાહક સેક્યુરીટી ડિપોઝીટ પેટે પરફોર્મન્સ બેંક ગેરેંટી ક્યારે અને કેટલા સમયની જમા કરી શકે ?

**Response:**

એચ. ટી. ગ્રાહક કન્ઝપ્શન આધારે સેક્યુરીટી ડિપોઝીટ રીવાઈઝ થાય /નવું વીજ જોડાણ / લોડ વધારો થાય ત્યારે જો એસ્ટીમેન્ટમાં સેક્યુરીટી ડિપોઝીટ રકમ રૂ. ૨૫,૦૦,૦૦૦ (પચીસ લાખથી) વધુ હોય ત્યારે ગ્રાહક સેક્યુરીટી ડિપોઝીટ પેટે પરફોર્મન્સ બેંક ગેરેંટી નિયત ફોરમેટમાં બે વર્ષની વેલીડીટી અને ત્રણ માસ કલેઈમ પીરીયડની જમા કરી શકે છે.
લોડ વધારો અને સેક્યુરીટી ડિપોઝીટ રીવાઈઝના કેશમાં જૂની બેક ગેરંટીની વેલીડીટી સુધીની અને ત્રણ માસ કલેઈમ પીરીયડની પરફોર્મન્સ બેંક ગેરેંટી જમા કરી શકે છે.

ઉક્ત બાબત સીજનલ ટેરીફ ગ્રાહક સીવાયના ગ્રાહકોને લાગુ પડે છે.